2026 સામાન્ય ચૂંટણી

# શું તમે મતદાન સ્થળ સુધી જઈ નથી શકતા?

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

vote.nz



## વર્ષ 2026ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવું

2026ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા માટે તમારે **રવિવાર 25 ઑક્ટોબરની મધ્યરાત્રિ સુધીમાં નોંધણી કરાવવી જરૂરી છે.**

તમે વર્ષ 2026ની સામાન્ય ચૂંટણીમાં સોમવાર 26 ઑક્ટોબરથી ચૂંટણીના દિવસ શનિવાર 7 નવેમ્બરે સાંજે 7 વાગ્યા સુધી મતદાન કરી શકો છો. તમે મતદાન કરવા માટે જાઓ તે પહેલાં મતદાન શરૂ થવાનો સમય અને સ્થળ વિશેની માહિતી માટે **vote.nz**ની મુલાકાત લો.

જો તમે મતદાન સ્થળે પહોંચી શકતા નથી, તો પણ તમે મતદાન કરી શકો છો. જો તમે **રવિવાર 25 ઑક્ટોબરની મધ્યરાત્રિ સુધીમાં નોંધણી કરાવી લો છો તો.**

## Complete this form on both sides to authorise someone to collect voting papers on your behalf

**Voter's details. Please print clearly.**

My first name(s) are:

My last name is:

My contact phone number is:

OFFICIAL USE ONLY:
Index reference

Address where I am enrolled to vote:

✓ Tick the electoral roll you believe you are enrolled on:

☐ General roll ☐ Māori roll

**તમારે ક્યાં અને કયા સમયે મતદાન કરવાનું છે તે વિશેની માહિતી vote.nzની મુલાકાત લઈને અથવા 0800 36 76 56 પર કૉલ કરીને જાણી શકાય છે.**

તમે મતદાન સ્થળો પર સોમવાર 26 ઑક્ટોબરથી મતદાનના દિવસ શનિવાર 7 નવેમ્બર સાંજે 7 સુધી મતદાન કરી શકો છો.

એડવાન્સ વોટિંગના સ્થળો ખુલ્લા હોય તે દિવસો અને સમય અલગ-અલગ હોય છે. મતદાન કરવા જાઓ તે પહેલાં vote.nz પર મતદાનનો સમય જોઈ લો.

મતદાન સ્થળો ચૂંટણીના દિવસ, શનિવાર 7 નવેમ્બર, સવારે 9થી સાંજે 7 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

## શું મતદાનના દિવસે ઓફિસ ચાલુ છે?

તમને મતદાનના દિવસે ઓફિસથી સમય કાઢીને મત આપવા જવાની કાયદેસરની મંજૂરી આપવામાં આવેલી છે. તમે સોમવાર 26 ઑક્ટોબરથી કોઈપણ મતદાન સ્થળે વહેલા મતદાન પણ કરી શકો છો.

## જો તમે કોઈ કૅર હોમમાં હો, તો પણ મતદાન કરી શકો છો

જો તમે કોઈ કૅર હોમમાં હો, તો તમારે અમારો સંપર્ક કરવાની જરૂર નથી. તમારા સ્થાનિક ઇલેક્ટોરેટ મૅનેજર મતદાન સેવાઓ સંબંધિત વ્યવસ્થા કરવા માટે તમારા કૅર હોમના મૅનેજરનો સંપર્ક કરશે.

## જો તમે હોસ્પિટલમાં દાખલ હો, તો પણ મતદાન કરી શકો છો

જો તમે હોસ્પિટલમાં હોવાને કારણે મતદાન સ્થળે જઈ શકતા નથી, તો સોમવાર 26 ઑક્ટોબરથી તમારા કોઈ મિત્ર અથવા વ્હાનાઉના સભ્ય તમને તમારા મતદાનના પેપર્સ લાવીને આપી શકે છે.

જો તમે મતદાનના દિવસ અગાઉ હોસ્પિટલ જવા માટે સમયબદ્ધ છો, તો એવા સંજોગોમાં જો શક્ય હોય તો, સોમવાર 26 ઑક્ટોબરથી, અગાઉથી મતદાન કરવું યોગ્ય છે. વધુ માહિતી મેળવવા માટે અમને 0800 36 76 56 પર કૉલ કરો.

## તમારા વિકલ્પો, જો તમે મતદાન સ્થળે જઈ શકતા ન હો, તો તેવા સંજોગોમાં

જે લોકો મતદાન સ્થળે જઈ શકતા નથી તેમના માટે અમે મતદાન સંબંધિત સેવાઓ પૂરી પાડીએ છીએ. જો તમે રૂબરૂમાં મતદાન કરવામાં અસમર્થ હો, ઉદાહરણ તરીકે, તમારા નાદુરસ્ત સ્વાસ્થ્ય અથવા મર્યાદિત હલનચલનને લીધે, તો તમે કોઈને તમારા મતદાન પેપર્સ લઈ આવવાનું કહી શકો છો અથવા તમને મતદાન પેપર્સ મોકલવામાં આવે એ માટેની અરજી કરી શકો છો.

## કોઈને તમારા મતદાન પેપર્સ લેવા માટે કહો

જો તમે કોઈ મતદાન સ્થળે જઈ શકતા ન હો, તો અહીં સાથે જોડેલા ફોર્મને સંપૂર્ણ રીતે ભરીને તેમાં સહી કરીને કોઈ વ્યક્તિને તમારા માટે એ ફોર્મને મતદાન સ્થળે પહોંચાડવા માટે કહો. પછી તેઓ તમારા એ મતદાન પેપર્સ પાછાં લાવશે, જેને તમારે ભરવાના રહેશે.

જો તમારી પાસે તમારા માટે મતદાન પેપર્સ લઈ આવે તેવી કોઈપણ વ્યક્તિ ન હોય, તો અમે તેને તમારા સુધી પહોંચાડી શકીશું.

વધુ જાણકારી માટે તમારા સ્થાનિક ઇલેક્ટોરેટ મૅનેજરનો સંપર્ક કરો. તમે તેમની સંપર્ક માહિતી vote.nz પરથી મેળવી શકો છો અથવા અમને 0800 36 76 56 પર કૉલ કરી શકો છો.

## તમારા મતદાન પેપર્સ પરત કરવાની રીત

કોઈને તમારા પૂર્ણ કરેલા મતદાન પેપર્સને મતદાન સ્થળે શનિવાર 7 નવેમ્બરે સાંજે 7 વાગ્યા પહેલાં પહોંચાડવાનું કહો.

જો તમારી પાસે રિટર્ન કુરિયર પેક હોય, તો કુરિયર પિકઅપની વ્યવસ્થા કરવા માટે પેક પરની સૂચનાઓને અનુસરો, અન્યથા જો તમને મદદની જરૂર હોય તો અમને 0800 36 76 56 પર કૉલ કરો.

**વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે:**

- **vote.nz** ની મુલાકાત લો
- **0800 36 76 56** પર કૉલ કરો

## Give my voting papers to the person I have authorised

The name of the person I have authorised to collect and deliver my voting papers to me is:

 

**Note:** this application must be signed for it to be valid.

✓ ☐ I have been authorised to collect and deliver voting papers to the voter named on this form.

| Signature of authorised person | Date |
|---|---|
| | |

| Signature of voter | Date |
|---|---|
| | |